हीरालाल ने डाहीवहुनो फारस.

દરેક સ્ત્રી પુરૂષોને વાંચવા લાયક.

છપાવી પ્રગટ કરનાર.

માધુશીંગજી પરમારશીંગજી.

વેચવા માટે સામટી મગાવનારને કમીશન ઘણુ
સારૂં આપવામાં આવશે.

अमदावाद.

"ગુજરાત મેઈલ" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૪૮. સને ૧૮૯૨.

કીંમત એક આનો.

હીરાલાલને ડાહીવહુનો ફારસ.

પ્રવેશ ૧ લો.

એક સમે અકબર પાદશાહના વખતમાં હીરાલાલ નામે એક ધનવાન માણુસ રહેતો હતો. તેના માતાજી તેના પીતાજીના મરણ પહેલાં મરી ગયા હતા. તેના પીતાજીએ તેને નાનપણુમાં પરણાવ્યો હતો. જ્યારે તેના પીતાજી જીવતા હતા ત્યારે તે એમ જાણુતો હતો કે મારે તો કાંઈ પણુ ફીકર નથી. તેથી તે વેપાર સબંધી કાંઈ પણુ જાણુતો નહોતો. તેના પીતાજી જીવતા હતા તે વખતમાં પોતે ફાંફડા થઇને ફર્યા કરતા અને જે કોઈ કહેવા આવે તેને કુડખાળી કરતા હતા. અક્કલ તો બીલકુલ મળેજ નહીં અને વાતો તો લાંબી લાંબી કરે. ઘરમાં બધા સાથે ધાંટા પીંડે. પણુ બાહાર એક શબ્દ પણુ બોલાય નહીં. તેના પીતાજીએ તેને અઢાર વરસની ઉમરે મુકયો હતો.

આ પ્રમાણે તેણે નાનપણુનો વખત ગાળ્યો હતો. તેના પીતાજી મરી ગયા તેથી તેને ઘણું સંકટ પડ્યું, અને પૈ-

સાથી ખરાબ ખસ્ત થઈ ગયા. એટલે પોતે અકબરશા જેવા માહા પ્રતાપી રાજાને ત્યાં નોકર રહ્યા. આશરે છ માસ થયા કેડે ભાઇને અકબરશાહએ કાંઈ કાંમ સારૂં પરદેશ જવાને ફરમાવ્યું કે તમારે બે દીવશની અંદર પરદેશ જવું. તેમણે જવાપ આપ્યો કે સારૂં રાજા સાહેબ" એમ કહીને પોતાને ઘેર આવ્યા.

હીરાલાલ—(પોતાની સ્ત્રીને) અલી? મારે તો બે દીવશની અંદર ગાંમ જવાનું આવ્યું છે. માટે મારે તો જવું પડશે. તું કેમ કરીશ?

ડાહીવહુ—(હીરાલાલની સ્ત્રી) અરે? સ્વામીનાથ તમે એકલાજ જશો? નહીં, નહીં. હુંતો તમારી સાથેજ આવીશ.

હીરાલાલ—અલી? પગ રસ્તે જવાનું છે જો ગાડીમાં બેશીને જવાનું હોત તો તને જરૂર લઈ જાત. મને તો કાંઈ હરકત નથી. પણ તારા આવા કોમળ જેવા શરીરમાં કાંટા બાટા ભોકાઈ જશે.

ડાહીવહુ—ના ના પ્રાણનાથ જે થાય તે ખરૂં હું તો આવીશજ.

હીરાલાલ—તારે આવવું છે તેનું કારણ હું સંપુર્ણ રીતે સમજ્યો છું. પણ તારા વીશે મને બીલકુલ અવીસવાસ નથી. હું જાણુંછુંજ કે તું પ્રતીવૃતા નાર છે. તુ બીલકુલ ચીંતા ન કરીશ. લે. હવે હું જાઉં છું. કેમકે મારે કચેરીમાં જવાનો વખત થયો છે.

એવામાં રાજાનો સીપાઈ તેડવા આવે છે.

હુસેનખાંન—(રાજાનો સીપાઇ) એ? શેઠીયા ચાલોને રાજા સાહેબ બોલાવે છે. વહુ આગળ ક્યારની શી વાત કરો છો? કેમ આટલા બધા ભડથા બની ગયા છો. વહુ નો હમેશાં છેજતો. ચાલો ચાલો રાજાજી બોલાવે છે.

હીરાલાલ—અલ્યા ભાઈ આતું છું મને ક્યારનો રોકી રાખ્યો છે. આવવા દેતી નથી.

ડાહીવહુ—મેં તમને ક્યારે રોકી રાખ્યા છે? તમારે જઉ હોય તો જાઓને આ રસ્તો ઊઘાડો છે.

હીરાલાલ—(પોતાની સ્ત્રીને) જુઠું બોલો છો કે ઉલ્ટો ચોર કોટવાલને ડડે છે.

હુસેનખાંન—થયું હવે આવાજ ઘરવાળાં રાખજો હો કે ઈંટાળાના દેવને ઢેખાળાનીજ પુજા જોઇએ.

હીરાલાલ—શું કરીએ ભાઇ, જન્મથી પાનું પડયુ તે ખરૂં.

એમ કરીને બંનેજણા કચેરી ભણી જાય છે.

પ્રવેશ ૨ જો.

હુસેનખાંન—જાંહાપનાં? હીરાલાલભાઈ આવ્યા છે.

હીરાલાલ—નેકનામદાર ફરમાઇએજી.

અકબરશાહ—(ગુસ્સે થઇને) અત્યાર લગી શું કરતા હતા. ઘરમાં શું વાસીદુ વાળતા હતા કે કેમ?

હીરાલાલ—(શરમાઇને નીચું જોઇને) ના સાહેબ, લગાર કામ હતું તેથી વાર થઈ.

અકબરશાહ—કેમ ? પછી પરદેશ જવાનો વીચાર થયોકે નહી તમારી સ્ત્રીએ જવાની હા પાડી કે ના પાડી. આજ સાંજરે તમારે જવાનું છે. માટે સરસામન સહીત તૈયાર થાઓ! જાઓ ઘેર. સાંજરે વેહેલા આવજો. પાછું બોલાવવા ન મોકલવું પડે યાદ રહ્યું કે ?

હીરાલાલ—હાજી સાહેબ જાઉછું.

અકબરશાહ—જાઓ વેહેલા આવજો. હીરાલાલ પોતાને ઘેર જાય છે. અને જઇને પોતાની પાટે જઇને બેસે છે.

હીરાલાલ—અલી ? ઘરમાં છે કે પાણીનો લોટો લાવને. તરસ ઘણી લાગી છે.

ડાહીવહુ—લાવીએ છીએ, તમારો ઘોડો જરા તાણી બાંધો. પાણીનો લોટો આપે છે, અને કહે છે કે કેમ રાજાજી એ શું ફરમાવ્યું ? જવાનું કે નહીં.

હીરાલાલ—હા, આજેજ જવાનુંને સાંજરે સાડાસાત વાગતાં.

ડાહીવહુ—કેમ? ત્યારે મારા વિશે શો વિચાર કર્યો હું આવું કે નહી. હુંતો ઘેર એકલી નહી રહુ. મને તો ગામમાં ઘર લઈ આપો.

હીરાલાલ—વારૂ. જેમ તું કહીશ તેમ કરીશું. શાસ્ત્રમાં કહ્યું છે કે સ્ત્રીહઠ, બાળહઠ, રાજહઠ, અને જોગીહઠ, એ

કોઈ દાહાડો થાય નહી.

તેથી એણે ઘર સેહેરમાં લઈ આપ્યું.

ડાહીવહુ—પ્રાણનાથ? ત્યારે તો તમે જશો. હેં હું એકલીજ રહીશ કે. મને તમારા વગર કેમ ગમશે. મને તો એક પળ એક કલાક જેટલી થઈ પડશે. અને ભોગી વગર ભ્રમર રસ કોણ ચાખશે.

હીરાલાલ—કાંઈ ચીંતા નહીં. લે હવે હું જાઉ છું કાગળ પત્ર લખતી રહેજે. સંભાળીને ચાલજે હોંકે. તને કાંઈ કહેવું પડે એવું નથી. હવે હું જાઉંછું કેમકે મારે કચેરીમાં જવાનો વખત થયો છે કેટલા વાગ્યા હશે. ઘડીયાલમાં જુવે છે તો સાત વાગ્યા છે. જાય છે.

ડાહીવહુ—(પોતાના ધણીને બતાવી આપે છે કે મારે તમારા ઉપર આટલો બધો પ્યાર છે. પણ મનમાં તો એમ સમજે છે કે જાય તો કાશ જાય. પછી આપણે મઝા કરીયે) તમે તો જાઓછો. હું એકલી અબળા જાતને કેમ ગમશે. એમ કરીને રડવા અને કકળવા મંડી જાય છે ને ધણી તેને છાની રાખે છે.

હીરાલાલ—લે હવે હું જાઉ છું-રોઈશ નહીં-હોં.

ડાહીવહુ—પ્રાણનાથ વહેલા આવજો-મારાસમ. જેમ બને તેમ વહેલાસર આવજો. કાગળ પત્ર લખતા રહેજો. મારી તરફની ફીકર ચીંતા કરશો નહીં. એમના પગલાં

એમ વળ્યા એટલે આમનાં પગલાં પોતાના ઘર તરફ વ-ળ્યા. અને જે નવું ઘર ગાંમમાં લીધું હતુ ત્યાં ગયા. પાંચ અથવા ૭ દીવશ થયા એટલે જાણો છોજ તો કે સ્ત્રી જાત છે. પછી એમાં કહેવાનું શું બાકી રહ્યું. અને વળી જાતે દરેક વાતમાં પોંચેલા એટલે તો વળી બાકીજ રહ્યું શું ? પોતાના મન સાથે વીચાર કરે છે જે એવા કોયક ભોગી પુરૂષને બોલાવું જે મારો ભોગ પુરો કરે એટલા-માં રાજાનો એક દરબારી તેના ઘરમાં હીરાલાલનો કાગળ લઇને આવે છે.

પ્રવેશ ૩ જો.

વાડીલાલ—(રાજાનો એક દરબારી).

ઘરમાં કોઈ છો કે એવી રીતે બે ત્રણ વખત બુમો પાડી.

ડાહીવહુ—કોણ હશે વારૂ ? જે હોય તે ઉલાળો ઉ-ઘાડીને મેડાયે આવો—જમવાને બેઠી છું.

વાડીલાલ—(ઉપર જાય છે) અને હીંચકા ઉપર બેસે છે. કેમ શી ખબરો છે. સાજા તાજા છો કે નહીં.

ડાહીવહુ—તમને દેખીને વીશેસ. જાઓને દીવાનખા-નામાં બેસોને, હું જમીને આવું છું.

વાડીલાલ જઇને દીવાનખાનામાં બેઠા—એટલામાં જમીને આવે છે.

ડાહીવહુ—દીવાનખાનામાં આવે છે અને બાંયપર બેસે છે. અને કહે છે કે આ કાગળ તમારા હાથમાં છે તે કોનો છે.

વાડીલાલ—આવો તમે અહીંયા મારી પાસે બેસો એ વંચાવું. કેમકે દુરથી બરાબર સંભળાશે નહીં. એતો મારા હૈયાના હારનો છે. માટે કાન દઇને સાંભળો સાંભળે છે.

પ્રીય ભાઈ વાડીલાલ.

જત આપને લખવાનું જે—હું ખુશી સાથે પોંચ્યો છું. મારી તરફની કશી ફીકર ચીંતા કરશો નહીં. કામકાજ લખતા રહેજો એજ વીશેશ વીનંતી—થોડું લખ્યું ઘણું કરીને માની લેજો. એજ તા. ૮–૬–૧૮૭૦.

આપનો પ્રીય મીત્ર.

હીરાલાલ મગનલાલ.

ડાહીવહુ—(વાડીલાલની સાથે હીંચકામાં બેસીને) તમને ખબર છે તે ક્યારે આવાના છે. જો તમને ખબર હોય ને ના કોહો તો મારા સમ.

વાડીલાલ—મારાથી તમારા સમ કેમ ખવાય. તમે તો મારા પ્રાણથી પણ વહાલા માટે તમારા સમ તો મારાથી નજ ખવાય.

ડાહીવહુ—જાઓ જાઓ બળા તમે તો મારી મશકેરી કરો છો. તમારી ટેવ હજુ પણ ના ગઈ. બળી ત-

મારી ટેવ જે પુછે તેનો તો ઉત્તરજ નહીં. ને ઊંધુ ઊંધુ બોલવું. આવા માણસને હમે ક્યાંથી પોકીયે.

વાડીલાલ—મશ્કરી તે કરીયે. તેમાં વળી તમારીજ થાય. જુઓને તમારા કેવા ચાળા છે. હું પુછું તેનો મને જવાબ આપશો ?

ડાહીવહુ—હા, તમે પુછો. પણ જવાબ અપાય એવું હશે તો આપીશું.

હીરાલાલ—તમેં અહીંયાજ સુઈ રોહો છો. કે તમારી માતાજીને ઘેર સુવા જાઓ છે ?

ડાહીવહુ—હુંતો અહીંયાજ સુઈ રહું છું. તમારે સુવાની પુછવાની શી જરૂર પડી તેનું કારણ મને કહો.

વાડીલાલ—કાંઈ કોઈ કામ વગર તો નહીં પુછતું હોય હુંતો અમસતોજ પુછું છું. તમે રીસ ના ચઢાવતા હોં. તમે અહીંયા એકલાજ સુઈ રોહો છો કે તમારી સાથે બીજું કોઈ સુઈ રહે છે ?

ડાહીવહુ—ના એકલીજ મારે બીજાનું શું કામ છે ? પણ મને એકલીને ગમતું નથી. મને તો મારા પ્રાણનાથે વગર બીલકુલ ગમતું નથી.

વાડીલાલ—ચાલો ત્યારે આજે તો હું તમારે ઘેર જમવાને આવીશ. કેમ જમાડશો કે નહીં ? જો હા કહેતા હોય તો આવીએ.

ડાહીવહુ—શા માટે નહીં–ધરજ તમારૂં છેને જ્યારે મરજી પડે ત્યારે આવોને.

વાડીલાલ—ઠીક ત્યારે આશરે સાડાઆઠેક વાગે આવીશ હોંકે સાંભળ્યું કે.

ડાહીવહુ—ઠીક જોજો જરૂર આવજો પછી કેસે કહ્યું નહીં.

વાડીલાલ—હા હા જરૂર આવીશ પછી મશ્કરી ના થાય ઠીક કહું છું પહેલેથી હા કે ના કહી દોને (વાડીલાલભાઈ કોરટમાં જાય છે).

વાડીલાલ સાંજરે કોરટમાંથી પાછા આવે છે અને બારણું ઉઘાડે છે અને અંદર જાય છે.

ડાહીવહુ—ઓહો! આવી પોંચ્યા કે શું. વાર તો ઝાઝી થઈ પણ નથી.

વાડીલાલ—કેમ એમ કેમ બોલો છો. આશરે પાંચ કલાક તો થયા. પછી શું તમારે તો ત્યાં રાત બેસાડી મુક્યા હતા કે કેમ. તમારા મનમાં એમ જાણે કે ના આવે તો સારૂ. પણ એમ કેમ થાય મને તો ભુખ લાગી છે–કેમ રસોઈ તૈયાર છે કે નહીં.

ડાહીવહુ—સઉ તૈયાર છે લુગડાં ઉતારો એટલીજ વારછે.

વાડીલાલ જમવા બેસે છે જમતાં જમતાં કહે છે.

વાડીલલ—રસોઈ તે ઘણી મઝાની થઈ છે. ઝાક ઝમાય થઈ ગયું છે. લ્યો ખરૂં પુછાવો તો મારે ઘેર તો આવી કદી પણ રસોઈ થતી નથી. અરે! પણ હું કેમ

ભુલું છું. તમે તો હીરાલાલની પ્રીય પત્ની કહેવાઓને. એટલે શું બાકી રહે.

ડાહીવહુ—શું મશ્કરી કરો છો. અમારી ભાભી તો કાંઈ ખોટું રાંધતા હશે કેમ? શું મરચું મીઠું ભભરાવો છો. ચૌટે સાકર ઘણીજ સોંગી મળે છે—જો લેવી હોય લઈ લેજો. પછી નહી મળે.

વાડીલાલ—ચાલો હવે ફશો થોડો મારો. તમે જમી લો. કેમકે રાત વધારે જશે અને વળી જમણ પણ તાડું થઈ જશે. રાત થોડી અને વેશ ઘણા એવી વારી વાત થશે.

ડાહીવહુ—જમવાને બેસે છે. અને વાડીલાલ જમીને દીવાનખાનામાં જાય છે અને પાન સોપારી ખાય છે. એટલામાં ડાહીવહુ જમીને આવે છે.

ડાહીવહુ—કેમ આડા પડ્યા છો, પેટ અકળાય છે કે કેમ. મારી બીડી કરી છે કે નથી કરી?

વાડીલાલ—હા. ક્યોને તમારી તે કર્યા વગર ચાલે? ના મારૂં પેટ તો અકળાતું નથી. પણ આ દીવાનખાનામાં એવી ઠંડક છે કે મને તો ઉઠવુંજ ગમતું નથી ને?કે પણ મારે ઘેર તો એટલી બધી ગરમી લાગે છે કે બીલકુલ બેસાતુંજ નથી. ચાલો ત્યારે આપણે તો આજની રાત અહીંયાજ સુઈ રહીશું કેમ સુવા દેશો કે નહીં?

ડાહીવહુ—અમારે તો કાંઈજ ના નથી તમારૂ દીલ

ચાય તેમ કરોને. પણ તમારે ઘેર વાડ જોશે કે નહીં.

વાડીલાલ—હું ચાકર જોડે ના કહેવડાવું છું એટલે વાટ જોશે નહીં.

ડાહીવહુ—ત્યારે તો ઠીક ના કહેવડાઓ. તમે અહીંયા વાનખાનામાં સુઈ જાઓ અને હું હેઠલે માલ સુઈ જઇશ.

ડાહીવહુ પોતાને વાસ્તે ગોદડાં હેઠળ લઇ જાય છે.

વાડીલાલ—કેમ આ ગોદડાં લઇને ક્યાં ચાલ્યા.

ડાહીવહુ—હેઠળ સુવાને. કેમકે દસ વાગવા આવ્યા છે.

વાડીલાલ—એમ તે થાય. અમને તો તમારા વગર બીલકુલ ગોઠવાનુંજ નથી. તમે બાર વાગ્યા સુધી તો અહીંયા સુઈ રહો. પછી તમારી મરજી હોય તો હેઠળ જજો. આપણે સુખ દુઃખની વાતો કરીયે.

ડાહીવહુ—ચાલો ત્યારે આ સુતા. એમ કહીને વાડીલાલની પથારીથી થોડેક દુર ભોંયપર સુઇ જાય છે.

વાડીલાલ—તેતો ઠીક નહીં. હું ગાદી ઉપર સુઈ જાઉ અને તમે તો ભોંયપર સુઇ જાઓ એતો રીતથી ઉલટું. આવો તમે મારી પથારીમાં સુઇ જાઓ.

ડાહીવહુ—વાડીલાલની પથારીમાં સુઇ જાય છે.

વાડીલાલ—તમારાં જેવાં અમને મળ્યા હોય તો પછી ભાગ્યનો કેવો ઉદય-એમ કરીને તેમના શરીર ઉપર હાથ-લગાડી જુએ છે અને કહે છે-ઓહો તમે તો ઘણાજ કોમળ છે, તમારી ખુબસુરતી મારાથી વર્ણવી શકાય નહીં.

એવી એવી તરેહની જુદી જુદી વાતો કરીને આનંદ તથા સંપુર્ણ સુખ ચેનથી રાત ભોગવી અને સવારના પોહોર-મા વાડીલાલ પોતાને ઘેર જાય છે.

પરસન—(વાડીલાલની સ્ત્રી) આજની રાત તમે ક્યાં નીરગમી સાચે સાચું બોલો નહીં તો ઘરમાં નહીં પેસવા

વાડીલાલ—તે વાત તારે પુછવાની જરૂર કથી ગમ ત્યાંનીરગમી તે વીશે તું કોણ પુછનાર ચલ વેગળી રહે અહીંથી દુર જા.

પરસન—તમારા મીત્ર હીરાલાલનો કાગળ આવેલો છે. તે કાગળ નોટપેટ હતો તેના ચાર પૈસા આપવા પડ્યા છે.

વાડીલાલ—લાવ કાગળ ક્યાં છે વાંચે છે.

પ્રીય ભાઈ વાડીલાલ.

જત વીશેસ વીનંતી સાથે લખવાનું જે આપનો કાગળ હાલમાં નથી માટે માયા ઉતારી નાંખી છે એમ જણાય છે. આપને લખવાનું જે આવતે કાલ સવારે તમારી તરફ હું આવાનો છું તે ફકત આપને જાણવા સારૂં લખ્યું છે. એજ વીશેસ વીનંતી.

લી. હીરાલાલ મગનલાલ. ૧૩

હીરાલાલ—બીજે દીવશે સવારના સાડા આઠ વાગે આવી પોંચ્યા, અને પાએક કલાક પોતાના મીત્ર વાડીલાલને ત્યાં બેસીને પોતાને ઘેર ગયા. તે વખતે પોતાની સ્ત્રી ઘરમાં વાસીદું વાળતી હતી. પોતાની સ્ત્રીએ તેમને દેખ્યા કે તરતજ તેમને ભેટી પડી. અને બનેજણા ઘણાજ ખુશી થયા.

ડાહીવહુ—તમને ઘણા દાડા થયા એક કાગળ પણ કદી લખ્યો નહીં. હું તો તમને સંભારી સંભારીને ગળું પણ સુકવી નાંખતી હતી, પણ હું તો તમારે મન એક સમુદ્રના છીપા સરીખી.

હીરાલાલ—પ્રીય પ્યારી છેકજ આમ તું શું બોલેછે? હું તો તમને જોઇને ઘણોજ ખુશી થયોછું. જેમ માછલું પાણીથી છુટું પડ્યું હોય અને જ્યારે પાણી તેને મળે તે વખતે તે કેટલું ખુશી થાય તે પ્રમાણે તને જોઇને ખુશી થયો છું.

ડાહીવહુ—પ્રીય પ્રીતમજી. આજે શી રસોઈ બનાવું.

હીરાલાલ—પ્રીય પત્ની. જે તારી નજરમાં આવે તે બનાવ. પણ બહુવાર ના થાય. પાછું મારે બાર વાગે કચેરીમાં જવાનું છે. તેથી જેમ બને તેમ ઊતાવળ કરજે. દસ તો વાગવા આવ્યા છે. પછી તું ક્યારે કરીશ?

ડાહીવહુ—આ એક ચપટીવારમાં રાંધી કાઢું છું દાળ ભાત અને કંસાર રાંધવામાં તો વાર કેટલી. ડોસી મારવી ને કંસાર કરવો બરાબર છે.

હીરાલાલ—સાડાઅગીયાર વાગ્યા કેમ જમવાનો વખત થયો કે હજુ વાર છે.

ડાહીવહુ—પ્રીય પ્રાણનાથ. આપ કપડાં ઊતારીને બેસો એટલીજ વાર છે.

હીરાલાલ—ચાલો ત્યારે, પાતર પીરસો આ આવ્યો.

ડાહીવહુ—ત્યાં આગળ તો તમારે હાથે રાંધવું પડેછે કે રંધવારો રાખ્યો છે.

હીરાલાલ—ના ના. હાથે રાંધુંછું. ત્યાં રંધવારો ક્યાંથી મળે.

ડાહીવહુ—કેમ રસોઈ ઠીક થઈ છે કે નહીં.

હીરાલાલ—રસોઈ ઘણીજ સારી થઈ છે.

ડાહી૦—પાછું તમારે તો કચેરીમાં જવાનું છે એક ઘડીની પણ નવરાશ ના મળે. બળી આવી નોકરી.

હીરાલાલ—હાસ્તો. ગયા વગર કાંઈ ચાલે આ ચાલ્યો. કચેરીમાં જાયછે.

ડાહીવહુ—(પોતાના મનમાં) પતી રહ્યું હવે તો મનના વીચાર મનમાં રહ્યા.

હીરાલાલ—(થોડાએક દીવશ પછી તેમને પેલી વાત માલમ પડે છે મારા ગયા કેડે આમ નીપજ્યું) કેમ મારા ગયા પછી તો સુખ પડયું કે દુઃખ.

ડાહીવહુ—પ્રાણનાથ સુખતો શાનુંજ પડે પ્રાણનાથ વગર.

હીરાલાલ—પછી પેલી વાત કહી એટલે તો તેણીના ટાંટીયા નરમ પડી ગયા અને કહેવા લાગી.

ડાહીવહુ—આ વાત તમને કહી કોણે તે વાત ખરી કરાવો નહીં તો હું તો મારો જીવ કાઢીશ.

હીરાલાલ—પોતાના મનમાં વીચાર કરે છે અને કહે

છે જે જુઓને આ રાંડ ઉડતી પાખંડ કરે છે અને પાછી મને સતાવે છે.

ડાહીવહુ—શું આમ બેસી રહ્યા છો લાવોને તે માણસને મારી પાસે.

હીરાલાલ—રાંડ ચુપ રહે વધારે બક બક ના કર જાયું તારૂં બધું પ્રતીવ્રતાપણું ઢાંકી રાખ તારી કને.

ડાહીવહુ—તમે પોતેજ એવા હશો એટલે સામાને પણ એવાજ દેખતા હશો.

હીરાલાલે કેહેનાર માણસને બોલાવ્યો અને ખરૂં કરાવ્યુ ત્યારે તે બૈરી તરત રડવા મંડી ગઈ અને ભાટવેડા કરવા માંડયા.

હીરાલાલ—જા નીકળ મારા ઘરમાંથી મારે આવા માણુસનો ખપ નથી ઊડતું મારૂં ઘર લજવી માર્યું. ધીક્કાર છે તારા જીવતરને તારી માયે તને મારી કેમ ના નાંખી કે તને આવી જણી ધક્કા મારીને કાઢી મુકે છે. અને તે બૈરી પોતાની માને ઘેર જાય છે. ત્યાર કેડે હીરાલાલે એક ભાશણુ આપ્યું તે નીચે પ્રમાણે છે.

મનહર છંદ.

મનનો મરમ કદી, વનિતાને કેવો નહીં;
કારણુ કે પરમુખ વદે, ઝટ કામિની;
મંઝારના ઉદરમાં, જેમ ક્ષીર ટકે નહીં;
તેવી પડી તેને ટેવ, ભાન વિના ભામિની.

નાવિકના દેખતાં, તો વાત કાંઇ કેહેવી નહીં,
પુંઠેથી ભવાઈ ભુંડી, જાત છે હજામની;
ચીમન વદે છે એમ, વાચાલને વાત કહે,
જાણવી અક્કલ હોય, તેમાં બે બદામની.

માટે હે સર્વ સુજ્ઞજનો તમે કદી પણ તમારી ઉપર ભરૂસો રાખતા નહીં. તમારા હડહડતા સોગન ખાએ પોતાના બાળકના પણ સોગન ખાય તોપણ પોતાની ખરી કહે નહીં. તમે ભતૃહરી નાટક તો જોયુંજ હશે, તેમાં સ્ત્રીએ કેવી રીતે ચતુરાઇ વાપરી છે. અને કેવા કેવા સોગન ખાધા છે પણ આખર પકડાઇ ગઈ. અને તેને વાસ્તે ભરતહરીને ભેખ લેવો પડયો. માટે તમારે તમારી સ્ત્રી ઉપર બીલકુલ ભરૂસો રાખવો નહીં. એમ કહેલું છે કે જો બીલાડીના પેટમાં ક્ષીર ટકે તો તેના પેટમાં વાત ટકે મારૂં આટલુંજ ભાશણ બસ છે.

સમાપ્ત.